# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૨ તા.૪-૧૦-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાત સરકારના આદેશ મુજબ હાલમાં જે-તે શાળામાં અ.મ્યુ.કોર્પો. દ્વારા આધારકાર્ડ કાઢવાની કામગીરી ચાલી રહી છે. તમારી શાળામાં બાકી રહેલા વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ કઢાવવાના થાય છે. આ બાબતે તેઓએ આપેલ બાકી વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ શાળા દીઠ ફોર્મ મોકલવામાં આવેલ છે. આથી દરેક શાળાએ વિદ્યાર્થીનાં ફોર્મ ભરીને તૈયાર રાખવા જણાવેલ છે. છતાં કેટલીક શાળાઓએ આ ફોર્મ ભરીને તૈયાર રાખેલ નથી. તો તાકીદે આ ફોર્મ ભરીને તૈયાર રાખવા જેથી કામ ઝડપથી પૂર્ણ થાય. શાળામાં આ ફોર્મ આપેલ ન હોય તો ઝોન આસિ.એ.ઓ.શ્રીનો સંપર્ક કરવો તેમજ બોનાફાઈડ ફોર્મ પણ ભરીને તૈયાર રાખવા.

તા.૪-૧૦-૧૬ ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૯૩ તા.૪-૧૦-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અત્રેથી કરવામાં આવેલ પરિપત્ર નં.૮૨ તા.૨૧-૯-૧૬ મુજબ ‘ગરબા મહોત્સવ’ નિમિત્તે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ ઝોન કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ થયેલ છે. જેના અનુસંધાને ઝોન કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે વિજેતા બનનાર કૃતિઓની શહેરકક્ષાની સ્પર્ધા તા.૬-૧૦-૨૦૧૬ના રોજ સવારે ૮-૦૦ કલાકે ટાગોરહૉલ પાલડી ખાતે રાખવામાં આવેલ છે તો તમામે અગાઉથી આપેલ સૂચના મુજબ હાજર રહેવું.

આ પ્રસંગે બપોરપાળી(૧૧-૦૦ થી ૫-૦૦ તથા ૧૨-૩૦ થી ૫-૪૫)ની તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ બે શિક્ષકોને અવશ્ય મોકલવાના રહેશે.

આ પ્રસંગે ગરબા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓના વાલી પણ કાર્યક્રમમાં હાજર રાખવાના હોવાથી મુખ્ય શિક્ષકે વાલીને સાથે લાવવાના રહેશે.

તા.૪-૧૦-૧૬ ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૪ તા.૪-૧૦ -૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વિદ્યાર્થીઓમાં આત્મહત્યા અને તણાવનાં વધી રહેલા બનાવોથી ચિંતીત થઈ શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ ઉપાયો હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને કાઉન્સેલીંગ અને માર્ગદર્શન આપી આ સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે જરૂરી પ્રેરણા પૂરી પાડવામાં આવે છે. તરૂણાવસ્થાનાં પ્રશ્નો, આત્મહત્યાની સમસ્યાનો ઉદ્ભવ અને તેનાં કારણો વિગેરેનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તેમાંથી મુક્ત કરવા માટે વિદ્વાન વક્તાઓ અને સાયકોલોજીસ્ટ નિષ્ણાંતોની ટીમ દ્વારા શિક્ષકો અને વાલીઓને આ સમસ્યાના નિરાકરણ માટે માર્ગદર્શન આપવા માટે તા.૫-૧૦-૧૬ના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ દરમ્યાન બાયસેગ મારફતે વિવિધ વક્તાઓ દ્વારા ઉપયોગી વક્તવ્યો આપવામાં આવશે. કાર્યક્રમની શરૂઆત માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના પ્રેરક ઉદ્બોધન દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમ બાયસેગ ઉપગ્રહ પ્રસારણ સેવા મારફતે પ્રસારિત થનાર છે, ધોરણ ૬ થી ૮નાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ શિક્ષકો વાલીઓ અને સમાજના જવાબદાર નાગરિકો હાજર રહે, તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે. આ વ્યવસ્થામાં વોર્ડના સી.આર.સી. દ્વારા કેન્દ્ર શાળા ઉપર પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવે.

તા.૪ -૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૯૫ તા.૪-૧૦ -૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ધો.૬ થી ૮નાં વિદ્યાર્થીઓને ઓકટોબર-૧૬માં લેવાનાર પ્રથમ સત્રાંત પરીક્ષાનાં પ્રશ્નોનાં જવાબો લખવા માટેની ઉત્તરવહીઓની વહેંચણી જમાલપુર શા.નં.૪, આસ્ટોડીયા રોડ ખાતે આવેલ સ્ટોર વિભાગમાં નીચે જણાવ્યા પ્રમાણે ઝોન તારીખ અને સમયે રાખેલ છે.

| ઝોન | તારીખ/વાર | સમય |
|---|---|---|
| ઉત્તર-દક્ષિણ-હિન્દી | ૬-૧૦-૧૬ / ગુરૂવાર | ૧૦-૩૦ થી ૫-૩૦ |
| પૂર્વ-પશ્ચિમ-ઉર્દૂ | ૭-૧૦-૧૬ / શુક્રવાર | |

ઉત્તરવહીઓ મેળવવા માટે નીચે મુજબનો રીપોર્ટ લાવવાનો રહેશે.

શાળાનું નામ....................... ઝોન...............

| ધોરણ | સંખ્યા |
|---|---|
| ૬ | |
| ૭ | |
| ૮ | |
| કુલ : | |

શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીની સહી / સિક્કો

નોંધ :- દરેક મુખ્ય શિક્ષકશ્રીએ શાળા સમય બાદ આવવું

તા.૪-૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી